RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૪૮ તા.૨૧–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રીમતી મીનાક્ષીબેન ઈશ્વરભાઈ ચૌધરી
સામાવાળાઃ– સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ( લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતી મીનાક્ષીબેન ઈશ્વરભાઈ ચૌધરીની તા. ૨૪–૨–૧૨ની અરજીથી મંગલભવન હરી ઓમ થેટરની પાછળની બધી લાઈન ભરાઈ ગઈ છે પ્લોટ નં.૮૭,૮૮,૮૬,૮૫,૮૪,૮૩,(૮૦,૮૧) ૮૦,૮૧ જે સુરેશભાઈ ના પરિવાર માંદગીમાં પડેલા છે તથા પ્લા નં.૯૯, ૧૦૨, ૧૦૧, ૯૭,૧૦૩,૧૦૫ આ પ્લોટ નંબર તથા મંગલ ભવન સો. પર્વતગામ લીંબાયતઝોનમાં આવેલી છે આ સોસા.માં ઘરમાં મોરીમાં તથા વિસ્તારમાં ગટરોનું જ પાણી ઉભરાય ગયું છે વારંવાર ફરીયાદ કરવા છતાં આપનું તંત્ર ધ્યાનમાં લેતું નથી તે લાઈન સરખી કરવું તથા તમામને નોટીસ આપો. જે કચરો જેના દરવાજામાં દેખાય એક સરખું લેવરકરશોજી. કોઈ બીમાર પડે કે અન્ય મરી જશે તેની જવાબદારી આપશ્રીની રહેશે. આરોગ્ય ખાતામાં લીંબાયતઝોનમાં કયા કર્મચારીઓને તડીપાર કરવામાં આવ્યા છે જેની લેખિતમાં જવાબ આપો. કઈ જગ્યાએ સ્થળનું નામ નકલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૪૮ /૨૦૧૧–૧૨

શ્રીમતી મીનાક્ષીબેન ઈશ્વરભાઈ ચૌધરીની તા. ૨૪–૨–૧૨ ની અરજીથી મંગલભવન હરી ઓમ થેટરની પાછળની બધી લાઈન ભરાઈ ગઈ છે પ્લોટ નં.૮૭,૮૮,૮૬,૮૫,૮૪,૮૩,(૮૦,૮૧) ૮૦,૮૧ જે સુરેશભાઈ ના પરિવાર માંદગીમાં પડેલા છે તથા પ્લા નં.૯૯, ૧૦૨, ૧૦૧, ૯૭,૧૦૩,૧૦૫ આ પ્લોટ નંબર તથા મંગલ ભવન સો. પર્વતગામ લીંબાયતઝોનમાં આવેલી છે આ સોસા.માં ઘરમાં મોરીમાં તથા વિસ્તારમાં ગટરોનું જ પાણી ઉભરાય ગયું છે વારંવાર ફરીયાદ કરવા છતાં આપનું તંત્ર ધ્યાનમાં લેતું નથી તે લાઈન સરખી કરવું તથા તમામને નોટીસ આપો. જે કચરો જેના દરવાજામાં દેખાય એક સરખું લેવર કરશોજી. કોઈ બીમાર પડે કે અન્ય મરી જશે તેની જવઢ ાબદારી આપશ્રીની રહેશે. આરોગ્ય ખાતામાં લીંબાયતઝોનમાં કયા કર્મચારીઓને તડીપાર કરવામાં આવ્યા છે જેની લેખિતમાં જવાબ આપો. કઈ જગ્યાએ સ્થળનું નામ બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૪–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૯૨૨ તા.૫–૩–૧૨ થી** સીટી ઈજનેર તથા તત્કાલીન જાહેર માહિતી અધિકારી ( લીંબાયતઝોન) તથા અરજદારને માહિતી માંગણી સામે શું નારાજગી છે તે મુદ્દા સહિત સ્પષ્ટ કરવા તથા તેઓની અરજી તકરાર નિવારણ માટે છે કે માહિતી માંગણી સામે નારાજગી અંગે તે પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૨૪–૨–૧૨ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. વધુમાં અરજદારને અત્રેથી માહિતી માંગણી સામે શું નારાજગી છે તે મુદ્દા સહિત સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી પણ પ્રત્યુત્તર પાઠવી કોઈ પ્રકાશ પાડેલ નથી કે તેમનો પક્ષ રજૂ કરેલ નથી.

અરજદારની માહિતી માંગતી અરજી જોતાં ગટર–મોરીમાં પાણી ઉભરાવાની ફરીયાદ તથા કાર્યવાહીને લગતી રજૂઆત છે. માત્ર આરોગ્ય ખાતામાં લીંબાયતઝોનમાં કયા કર્મચારીને તડીપાર કરવામાં આવેલ છે તેની માહિતી માંગણી કરેલ જણાય છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૧–૨–૧૨ ધ્યાને લેતાં ૨૧–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૦૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૪–૨–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ આરોગ્ય ખાતામાં લીંબાયતઝોનમાં કયા કર્મચારીને તડીપાર કરેલ છે તેની દફતરી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને જણાવવામાં આવે છે. અરજદારે અપીલ અરજીમાં જણાવેલ કાર્યવાહી તથા તકરાર નિવારણ બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રીમતી મીનાક્ષીબેન ઈશ્વરભાઈ ચૌધરી